# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૩-B તા.૧૧-૦૭-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ ૧ અને ૨ ના ગુજરાતી માધ્યમના શિક્ષકોને તાલીમમાં હાજર રાખવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક:સમગ્રશિક્ષા/ક્યુસેલ/૧/૨૦૨૪-૨૭૬૧૭-૬૫૬, તા.૦૨.૦૭.૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે ચાલુ શૈક્ષણિક વર્ષની ધો-૧ અને ધો-૨ માં નવી શિક્ષણનીતિ અને NCF અને SCF ના આધારે નવા અધ્યયન સંપૂટ તૈયાર કરવામાં આવેલ છે. આ અધ્યયન સંપૂટની તાલીમ ધો-૧ અને ધો-૨ માં ગુજરાતી માધ્યમ શિક્ષકોને લેવાની છે. તો આપની શાળાના ધો-૧ અને ધો-૨ ના તમામ શિક્ષકોએ યુ.આર.સી. ઝોન મુજ્બ નીચે જણાવેલ સ્થળ, તારીખ અને સમયે હાજર રહી પૂર્ણ સમય તાલીમ લેવાની રહેશે. તમામ તાલીમાર્થીઓએ પોતાના બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવુ.

તમામ તાલીમાર્થીઓએ જે જરૂરી મોડ્યુલ (શિક્ષક સાથી) અધ્યયન સંપૂટ ધો-૧ અને ધો-૨, ગુજરાતી અને ગણિત પ્રગતિમાપન રજીસ્ટર, સી.આર.સી.કો.ઓ. દ્વારા જે તે શાળા તેમજ શિક્ષકો સુધી મોકલવામાં આવેલ છે. તે તાલીમ વર્ગમાં સાથે લઇ આવવાનુ રહેશે. આ સાહિત્યનો ઉપયોગ તાલીમમાં કરવાનો રહેશે. આ તાલીમ માત્ર ગુજરાતી માધ્યમના શિક્ષકો માટે જ છે.

| યુ.આર.સી. ઝોન | તાલીમ સ્થળનુ સરનામુ | સમય અને તારીખ |
|---|---|---|
| ઉત્તર ઝોન | અસારવા શાળા નં-૯,<br>ઓમનગર ફાટક પાસે, નરોડા રોડ | તા. ૧૮.૦૭.૨૦૨૪<br>થી ૨૦.૦૭.૨૦૨૪<br>સમય : સવારે ૯ થી ૫ |
| દક્ષિણ ઝોન | મણિનગર શાળા નં-૪,<br>દક્ષિણી સોસાયટી પાસે, મણિનગર | |
| પૂર્વ ઝોન | ઓઢ્વ ગુજ. શાળા નં-૩,<br>તક્ષશિલા સ્કૂલની સામે, ઓઢવ ટેકરો, ઓઢવ | |
| પશ્ચિમ ઝોન | નારણપુરા શાળા નં-૪,<br>નારણપુરા ક્રોસિંગ પાસે, નારણપુરા | |

તા.૧૧-૦૭-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી